જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૮ લીટર દેશી દારૂ, ૧૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૩,૬૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૦૫/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ રેખાબહેન વા/ઓ કિરણકુમાર રાઠોડ (ઉ.વ.૫૭)(રહે.કંજીલ ફ્લેટ જગાભાઇ પાર્ક સામે, વકીલવાડી જિરાફ સર્કલ જલભુમી ફ્લેટ સામે મણીનગર) એ તા.૦૩/૦૭/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગોતા નાયરા પેટ્રોલપંપની બાજુમાં વંદે માતરમ શક્તિ ઇ.ટી.સી. કોમ્પલેક્ષ બીજો માળ, ઓફીસ નંબર–એ/૨૦૮ "બ્લ્યુસ્કાય વિઝા એન્ડ ઇમીગ્રેશન" ખાતે આરોપી રાહુલ જીતેન્દ્રભાઇ શાહ (રહે.શાયોના તિલક–૩, વંદે માતરમ રોડ, ગોતા) એ રેખાબહેનના પુત્રનું કેનેડાના વર્ક પરમીટ કરી આપવાનું કહી, રેખાબહેન પાસેથી રૂપિયા ૨૨,૨૦,૬૧૦/– તેમજ ૨૧૮૪ ડોલર (વિદેશી ચલણ) મેળવી લઇ, રેખાબહેનના પુત્રના વર્ક પરમીટ વીઝા નહીં કરી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.દેસાઇ ચલાવે છે.

સરખેજઃ કલ્પેશભાઇ ભાનુપ્રશાદ રામી (ઉ.વ.૪૮)(રહે.જાનવી બંગલો, ગવર્મેન્ટ ટ્યુબવેલ સામે, બોપલ) એ તા.૦૩/૦૭/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સરખેજ મકરબા અદાણી વિદ્યા મંદિર પાસે "કટારીયા આર્કેડ" ખાતે કામ કરતા આરોપી વસીમખાન મહંમદખાન નગીભાઇ પઠાણ (ઉ.વ.૨૮)(રહે. કાલીબઝાર, રાજકાવાડો, પાટણ) એ તા.૨૬/૦૨/૨૦૨૫ થી તા.૨૩/૦૪/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન કસ્ટમરોના ગાડી બુકીંગના નાણાં ૫,૮૦,૦૦૦/– કંપનીના નામની પહોંચ બનાવી કસ્ટમરોને આપી નાણાં કંપનીમાં જમા નહીં કરાવી છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.ચૌહાણ ચલાવે છે.

સેટેલાઇટઃ લવ મૃગેશભાઈ આણંદજીવાલા (ઉ.વ.૩૮)(રહે.સિરોઘરા એપાર્ટમેન્ટ એસ.એમ.કમ્પાઉન્ડ, નહેરૂનગર પાસે, આંબાવાડી) એ તા.૦૩/૦૭/૨૦૨૫ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૮ થી માહે માર્ચ/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ ૧૩૨ ફુટ રીંગ રોડ શિવરંજની શોપિંગ સેન્ટર ઓફિસ નંબર-૦૯ ખાતે આવેલ લવ આણંદજીવાલાના માતા-પિતાની માલીકીની મે.આણંદજીવાલા ટેકનીકલ કન્સલ્ટન્સી તથા મે.આણંદજીવાલા ટેકનીકલ કન્સલ્ટન્સી એલ.એલ.પી. નામની પાર્ટનશીપ કંપનીમાં સિનીયર એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા જલદીપ જીતેન્દ્રકુમાર દવે (રહે. આકાશ એલીગન્સ, મલય બંગ્લોઝ પાસે, સાયન્સ સીટી રોડ, સોલા) તથા એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા અંજુબહેન વા/ઓ સુરેશભાઈ નિમજે (રહે.પુષ્કર રેસીડેન્સી, શાંતિકુંજ બંગ્લોઝની બાજુમાં વિમલ પાર્ક સોસાયટી પાછળ, નરોડા-દહેગામ રોડ હંસપુરા નરોડા) અને પટ્ટાવાળા તરીકે નોકરી કરતા શૈલેષ જવાનભાઈ ઠાકોર (રહે.દીપાલીનગર, એ.એમ.સી ગાર્ડન પાસે ઓઢવ) એ ભેગામળી લવ આણંદજીવાલા તથા તેમના માતા-પિતાની જાણ બહાર ખોટી ચેકબુક બેંકમાંથી ઇશ્યુ કરાવી લઇ, ચેકમાં લવ આણંદજીવાલાના માતા-પિતાની ખોટી સહીઓ કરી કુલ રૂપિયા ૧,૬૪,૦૦,૪૮૧/- પોતાના તથા પોતાના સગા-સંબંધીના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી તેમજ બેંકમાંથી રોકડ રૂપિયા વિડ્રો કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી સંદીપભાઈ અંબારામ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર ચાદી નં.૯૦૬/૨૦૨૫**

નારોલઃ નિતીનભાઇ પ્રતાપભાઇ શુકલ (ઉ.વ.૬૫)(રહે.ગાયત્રીનગર જેઠાભાઈની વાવ સામે, વટવા-ઇસનપુર રોડ નારોલ) તા.૦૨/૦૭/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પત્ની સાથે મોટર સાયકલ ચલાવી શહેર વિસ્તારમાંથી પરત પોતાના ઘરે આવતા પોતાના ઘર નજીક મોટર સાયકલ ઉભુ રાખતા નિતીનભાઇ શુકલના પત્ની મોટર સાયકલ ઉપરથી ઉતરતા હતા ત્યારે એક કાળા રંગના સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ નિતીનભાઇના પત્નીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૧૫,૩૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિતીનભાઈ શુકલે નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૯૦૭/૨૦૨૫**

રીવરફ્રન્ટ વેસ્ટઃ ગીતાબહેન પ્રકાશભાઈ સોલંકી (ઉ.વ.૩૮)(રહે.જીવનજ્યોતનગર બાગે ફિરોશ પોલીસ લાઈન સામે, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રંટ એન.આઈ.ડી.પાસે ઘાટ નંબર-૪૩ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઈ ચલાવે છે.

સેટેલાઇટઃ મયુરભાઈ વિઠ્ઠલભાઈ મકવાણા (ઉ.વ.૫૪)(રહે.પારદર્શક સોસાયટી એચ.પી.પેટ્રોલ પંપની બાજુમાં ચાર રસ્તા સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૫ સવારના ૫/૪૫ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ધાબાની છતના શેડ સાથે લોખંડની સાંકળ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાઘાભાઇ જુઠાભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ અમરાઇવાડી પોસ્ટ ઓફિસની બાજુમાં ભવાનીનગર વિભાગ-૦૨ ખાતે રહેતા દિનેશભાઈ યાદવ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૫ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

રામોલઃ રામોલ ટોલટેક્ષ પાસે સરલ હાઇટ્સ ખાતે રહેતા પ્રવિણસિંહ તાવીયાડ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૫ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ફ્લેટના ત્રીજા માળથી પડતું મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૭/૨૦૨૫ કલાક ૩/૨૦ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાર્તીકભાઇ મોતીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી